ક્રમાંક: જીપં/મમ/ભૂમિ/બીનખેતી/રી. પ્લાન/વશી/
૪૪૦૧ થી ૪૪૧૭/૯૭
જીલ્લા પંચાયત કાર્યાલય,
મહેસુલ શાખા,
ભરૂચ. તા. ૨૦ / ૬ / ૧૯૯૭

**વાંચ્યો :-**

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચનાં હુકમ ક્રમાંક: તા.પં./ભૂમિ/બીન.ખે./ ૧૯૫૬/ તા. ૨૮-૧૧-૬૬ થી મોજે: મકતમપુર, તા. ભરૂચનાં સં.નં. ૮૯/૯૩+૯૪ ની કુલ એ.૩-૧૮ ગું. જમીનમાં રહેણાંકનાં મકાનો તથા નાના ઉદ્યોગોનાં મકાનો બનાવવાનાં હેતુ માટે ખાતિ ખેતી સિવાયનાં ઉપયોગની પરવાનગીનો હુકમ.

(૨) કલેક્ટરશ્રી, ભરૂચનાં હુકમ ક્રમાંક: ભૂમિ/૯૫૦, તા. ૨૩-૨-૭૦ થી સદરહું જમીનનો ખેતી સિવાયનો ધારો નક્કી કરવા અંગેનો હુકમ.

(૩) અરજદારશ્રી ચંપા ટાઇલ્સ કોરપોરેશનના વહીવટકર્તા શ્રી અનિલકુમાર રણછોડભાઇ પટેલ, રહે. ભરૂચ, તા. ભરૂચએ ઉપરોક્ત એ.૩-૧૮ ગું. જમીન પૈકી હે.આ.પ્રઆ.ની કુલ ૬૫૭૬ ચો.મી. જમીનમાં રહેણાંકનાં મકાનો બનાવવા ૦-૬૫-૭૬ અંગેનો રિવાઇઝડપ્લાન મંજુર કરવા અંગે તા. ૨૭-૫-૯૬ ની અરજીથી કરેલ માંગણી.

(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચએ તેઓનાં પત્ર ક્રમાંક: તા.પં./ભૂમિ/બીન.ખે./ ૨૬૭૮/ તા. ૧૩-૮-૯૬ તથા પત્ર ક્રમાંક: તા.પંચ/ભૂમિ/બીન.ખે./રી.પ્લાન/ ૪૫૭/ તા. ૨૧-૧-૯૭ તથા પત્ર ક્રમાંક: તા.પં./ભૂમિ/બીન.ખે./રી.પ્લાન/ ૧૩૬૨/ તા. ૩૧-૩-૯૭ થી રજુ કરેલા કાગળો.

(૫) જમીન મહેસુલ સંહિતાની કલમ-૬૫/૨ ની જોગવાઇઓ.

(૬) જમીન મહેસુલ સંહિતાની કલમ-૬૭ અને નિયમો ૧૦૦ ની જોગવાઇઓ.

(૭) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૯૦/૧૯૫૬૦/ક, તા. ૨૭-૭-૮૦ તથા જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૧૦૦ થી કરેલ જોગવાઇઓ.

(૮) અરજદારશ્રીને શરતભંગ અંગે અપીલની કચેરીનાં હુકમ ક્રમાંક: જીપં/મમ/ભૂમિ/બીનખેતી/ શરતભંગ/વશી/૨૬૪૪/૪૮/૯૭ તા. ૩૦-૪-૯૭ થી શરતભંગ અંગે ૪૦ પટ દંડની રકમ રૂા. ૧૫૭૮૪/- જમા કરાવવાનો હુકમ.

(૯) અરજદારશ્રીએ શરતભંગ અંગે દંડની રકમ રૂા. ૧૫૭૮૪/- તા. ૬-૫-૯૭ નાં રોજ સરકારશ્રીમાં જમા કરાવ્યાનું રજુ કરેલ ચલણ તા. ૮-૫-૯૭.

(૧૦) અરજદારશ્રીએ રૂપાન્તરવેરાની રકમ રૂા. ૧૬૪૪૦/- તા. ૧૨-૫-૯૭ નાં રોજ તથા રસ્તા ડીપોઝીટનાં રૂા. ૧૦૦૪/- તા. ૧૨-૫-૯૭ નાં રોજ તથા જમીનની માપણી ફીનાં રૂા. ૨૦૦/- તા. ૧૨-૫-૯૭ નાં રોજ સરકારશ્રીમાં જે તે સદરે જમા કરાવ્યાનાં ચલણો તથા ચાલુ વર્ષની બીનખેતી આકાર રૂા. ૩૯૪-૬૦ પૈસા તથા તેને આનુસંગિક તમામ કરવેરાઓ ગામદફતરે તા. ૧૨-૫-૯૭ નાં રોજ જમા કરાવ્યાનું રજુ કરેલા ચલણો તથા રસીદો તા. ૧૪-૫-૯૭.

**હુ ક મ :-**

મોજે: મકતમપુર, તા. ભરૂચનાં સ.નં. ૮૯/૯૩+૯૪ ની કુલ એ. ૩-૧૮ ગું. જમીનમાં રહેણાંકનાં મકાનો તથા નાના ઉદ્યોગનાં મકાનો બનાવવાનાં હેતુ માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચનાં આમુખ-૧ માં જણાવેલ હુકમથી ખેતી સિવાયનાં ઉપયોગની પરવાનગી આપેલ છે. ત્યારબાદ કલેક્ટરશ્રી, ભરૂચએ તેઓનાં આમુખ-૨માં જણાવેલ હુકમથી સદરહું જમીનનો ખેતી સિવાયનો ધારો નક્કી કરવામાં આવેલ છે.

ત્યારબાદ ઉપરોક્ત જમીન મોજે:- મકતમપુર, તા. ભરૂચનાં સ.નં. ૮૯/૯૩+૯૪ ની એ.૩-૧૮ ગું. જમીન પૈકી ૦-૬૫-૭૬ (હે.આ.પ્રઆ.) ની કુલ ૬૫૭૬ ચો.મી. જમીનનાં કબજેદારશ્રી ચંપા ટાઇલ્સ કોરપોરેશનના વહીવટકર્તા શ્રી અનિલભાઇ રણછોડભાઇ પટેલ, રહે. ભરૂચ તા. ભરૂચએ ૬૫૭૬ ચો.મી. જમીનમાં રહેણાંકનાં મકાનો બાંધવા અંગેની રિવા...

પ્લાન તૈયાર કરી નાયબ નગર નિયોજકશ્રી, વડોદરા પાસે મંજુર કરાવી તે મુજબના રિવાઇઝડ પ્લાન નકશા તથા જરુરી તમામ સાધનિક કાગળો સામેલ રાખી તા.૨૭-૫-૯૭ ની અરજીથી સદરહું રિવાઇઝડ પ્લાન મંજુર કરવા આમુખ-૨ માં જણાવેલ અરજીથી માંગણી કરેલ છે.

આ કામે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરુચ તરફથી રજુ થયેલા કાગળો તેમજ લાગતા વળગતા ખાતાઓના મળેલ અભિપ્રાયોની વિગતો જોતાં મજકુર અરજદારશ્રીને તેઓની સવાલવાળી જમીનમાં રહેણાંકના મકાનો બનાવવા અંગેની રિવાઇઝડ પ્લાન મંજુર કરી આપવા તથા સદરહું જમીનમાં બાંધકામ કરવા માટે મુદત વધારી આપવા માટે હરકત કે વાંધા સરખું જણાતું નથી.

મજકુર રિવાઇઝડ પ્લાન નાયબ નગર નિયોજકશ્રી, વડોદરાએ તેઓના પત્ર ક્રમાંક: ટીપી/મકતમપુર/ભરુચ/૨૯૪૯/ તા. ૧૪-૫-૯૬ થી મંજુર કરવા માટે ભલામણ કરી છે.

ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ભરુચએ તેઓના પત્ર ક્રમાંક: XXXX જ.સં./ ટીબી/વશી/મકતમપુર/૯૬ તા. ૮-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીન સંપાદન કરવા અંગેની હાલમાં ચાલતી દરખાસ્તોમાં આ જમીનનો સમાવેશ થયેલો નથી. એમ જણાવી '' ના વાંધા પ્રમાણપત્ર '' આપેલ છે.

નાયબ કલેકટરશ્રી, ભરુચએ તેઓના પત્ર ક્રમાંક: જ.સં./વશી/[illegible]/તા. ૧-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનની સંપાદનની કાર્યવાહી હાલમાં અત્રેની કચેરીએ ચાલતી નથી. એમ જણાવી '' ના વાંધા પ્રમાણપત્ર '' આપેલ છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભરુચએ તેઓના પત્ર ક્રમાંક: જીપં/જાઆ/મકમ/૧/૧૪૨/ તા. ૬-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીન આરોગ્યની દ્રષ્ટિએ રહેણાંકના મકાનો બાંધકામના હેતુ માટે વાંધાજનક નથી. એમ જણાવી '' ના વાંધા પ્રમાણપત્ર '' આપેલ છે.

સિનિયર મેનેજરશ્રી (લીગલ) જી.એન.એફ.સી.લીમીટેડ, નર્મદાનગર ભરુચએ તેઓના અંગ્રેજી પત્ર ક્રમાંક: એસઇસી/લીગલ/એનઓસી/ તા. ૨૮-૬-૯૬થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનની ખેતી સિવાયની xxરઉપયોગની પરવાનગી આપવામાં આવે તો અમોને કોઇજ વાંધો નથી. એમ જણાવી '' ના વાંધા પ્રમાણપત્ર '' આપેલ છે.

સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયરશ્રી (સિવિલ) ઓ.એન.જી.સી. અંકલેશ્વરએ તેઓના અંગ્રેજી પત્ર ક્રમાંક: એએનકે/ડીયુએમજી/સિવિલ/૯૬/૭૮૯૦/૧૪ તા. ૪-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીન અમારી કચેરી હેઠળ સંપાદનમાં ના હોય, સદરહું જમીનની ખેતી સિવાયની પરવાનગી આપવામાં આવે તો અમોને કોઇજ વાંધો નથી. એમ જણાવી '' ના વાંધા પ્રમાણપત્ર '' આપેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ નં.૧, જિલ્લા પંચાયત-ભરુચએ તેઓના પત્ર ક્રમાંક: જીપં/મવ/ટીબી-૧/૧૨૬૯૧/૯૨ તા. ૧૫-૧૦-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીન સર્વે નંબર ૮૮+૯૩+૯૪ ના નકશામાં દર્શાવ્યા મુજબ મકતમપુર ઝાડેશ્વર રસ્તાની મધ્યરેખાથી ૧૮.૦૦ મીટર (અઢાર મીટર) અંતર છોડીને ત્યા

પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ બાંધકામ કરવામાં આવે તો રિડેવલપમેન્ટ ધારાનો ભંગ થતો નથી. જેથી બિનખેતીની પરવાનગી આપવામાં અડચણરૂપ નથી. એમ જણાવી પત્રમાં જણાવેલ શરતોને આધિન રહીને "ના વાંધા પ્રમાણપત્ર" આપેલ છે.

એક્ઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, સીટી ડીવીઝન, ગુજરાત વિદ્યુત બોર્ડ, ભરૂચએ તેઓના પત્ર ક્રમાંક: બીઆરએચ/સીટી/ટેક/૩૩/૩૭૧૮/ તા. ૯-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનની સ્થળ પર સર્વે હાથ ધરતા ઉપરોક્ત જમીનને અડીને ગુજરાત વિદ્યુત બોર્ડની વિદ્યુત રેખાઓ પસાર થતી નથી. જેથી કોઇપણ રીતે નડતરરૂપ હાલતમાં નથી. આથી સ.નં. ૮૫,૯૩+૯૪ પૈકીની મોજે: મકતમપુર, તા. ભરૂચની જમીનનો રિવાઇઝડ પ્લાન માટે પરવાનગી આપવામાં આવે તો ગુજરાત વિદ્યુત બોર્ડ શહેર વિભાગ, ભરૂચને કોઇપણ જાતનો વાંધો નથી. એમ જણાવી "ના વાંધા પ્રમાણપત્ર" આપેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ, નં. ૨/૨ ભરૂચએ તેઓના પત્ર ક્રમાંક: નયોનવિ/૨/૨/પીબી/બિનખેતી/૬૮૮/૧૫૪૮/૯૬ તા. ૪-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનનાં સર્વે નંબરમાંથી અત્રેની કચેરીનાં કાર્યક્ષેત્ર હેઠળની નર્મદા યોજનાના માઇક્રોનેટવર્ક પ્લાનીંગની કોઇપણ માઇનોર, સબમાઇનોર પસાર થતી ના હોય, તેમજ પ્રશ્નિત વિસ્તારમાં આવતો ના હોય, બિનખેતીની પરવાનગી માટે અત્રેની કચેરીને કોઇપણ જાતનો હાલમાં વાંધો નથી. એમ જણાવી "ના વાંધા પ્રમાણપત્ર" આપેલ છે. તથા પત્ર ક્રમાંક: નયોનવિ/૨/૨/પીબી/બિનખેતી/૬૮૭/૧૫૪૭/૯૬ તા. ૪-૭-૯૬ થી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનનાં સર્વે નંબરમાંથી અત્રેની કચેરીનાં કાર્યક્ષેત્ર હેઠળની નર્મદા યોજનાની આવતી કોઇપણ ડીસ્ટ્રીબ્યુટરી માઇનોર નહેરનાં કામ માટે સંપાદન હેઠળ આવતી ના હોય, સદર બાબતે બિનખેતીની પરવાનગી માટે અત્રેની કચેરીને હાલનાં સંજોગોમાં કોઇપણ જાતનો વાંધો નથી. એમ જણાવી "ના વાંધા પ્રમાણપત્ર" આપેલ છે.

તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચએ તેઓનાં આમુખ-૪ નાં પત્રથી જણાવ્યા અનુસાર સવાલવાળી જમીનનાં કબજેદારશ્રી પાસે સરકારશ્રીનું કોઇપણ લ્હેણું બાકીમાં નથી. સવાલવાળી જમીનમાંથી ગુજરાત વિદ્યુત બોર્ડની કોઇપણ વિજળીની લાઇન પસાર થતી નથી. તેમજ કોઇપણ પ્રકારની અન્ડરગ્રાઉન્ડ પાઇપ લાઇન પસાર થતી નથી. તેમજ કોઇપણ ટેલીફોન લાઇન પસાર થતી નથી. સદરહું જમીન કોઇપણ જાતનાં બોજાવગરની છે. તેમજ સદરહું જમીનમાંથી નર્મદા યોજનાની કોઇપણ નહેર, પેટા નહેર પસાર થતી નથી. સવાલવાળી જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશ રસ્તો સદરહું જમીનની બાજુમાંથી લાગુમાંથી મકતમપુર ગામમાં જવાના ગ્રામ્ય રસ્તા ઉપરથી લે-આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ પ્રવેશ રસ્તો, મેળવવામાં આવેલ છે. સવાલવાળી જમીનનો લે-આઉટ પ્લાન નકશાની ખાત્રી સદરહું જમીનની અમોએ સ્થળ મુલાકાત લઇ કરેલ છે. એમ જણાવેલ છે.

સવાલવાળી જમીન જુની શરતની છે. તથા કોઇપણ જાતનાં બોજા વગરની છે. તથા હાલનાં કબજેદારશ્રીએ રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ રાખ્યાનાં વેચાણ હક્કથી ફેરફાર એન્ટ્રી નંબર- ૩૬૯ થી પ્રાપ્ત થયેલી છે.

સવાલવાળી જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશી રસ્તો સદરહુ જમીનની બાજુમાંથી , લાગુમાંથી પસાર થતા મકતમપુર ગામમાં જવાના ગ્રામ્ય રસ્તા ઉપરથી લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ મેળવવામાં આવેલ છે. આમ ઉપરોક્ત મુજબ તથા લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ ઉક્ત જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશી રસ્તાનો ઉપયોગ કરવાનો છે.

પ્રસ્તુત જમીન મોજે: મકતમપુર, તા.: ભરૂચના સ.નં. ૮૮+૯૩+૯૪ ની બી.૩-૧૦/૧. જમીનમાં રહેણાંકના મકાનો તથા નાના ઉદ્યોગનાં મકાનો બનાવવાના હેતુ માટે ખેતી સિવાયના ઉપયોગની પરવાનગી આમુખ-૧ માં જણાવેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી ભરૂચના તા. ૨૮-૧૧-૬૬ ના હુકમથી આપવામાં આવેલી છે. સદરહુ જમીનની ખેતી સિવાય ની પરવાનગીના હુકમની શરતોના શરત નંબર-૧ તથા ૫ ની શરતભંગ થયેલ હોવાથી જમીન મહેસુલ કાયદાની કલમ-૬૭ તથા જમીન મહેસુલ નિયમ-૧૦૦ ની જોગવાઈઓ અનુસાર શરતભંગની જરૂરી કાર્યવાહી કરતાં અરજદારશ્રીએ કરેલ શરતભંગ બદલ સવાલવાળી જમીનનાં વાર્ષિક બિનખેતી આકારનાં ૪૦ પટ દંડની રકમ રૂા. ૧૫૭૮૪/- જે તે સદરે સરકારશ્રીમાં જમા કરાવવા આમુખ-૮ માં જણાવેલ હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ મજકુર દંડની રકમ રૂા. ૧૫૭૮૪/- અંકે રૂપિયા પંદર હજાર સાતસો ચોર્યાશી પુરાની રકમ તા. ૬-૫-૯૭ ના રોજ અરજદારશ્રીએ જે તે સદરે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, ભરૂચ શાખા ભરૂચમાં તા. ૬-૫-૯૭ ના રોજ ચલણથી જમા કરાવેલ છે. જે જમા કરાવેલ ચલણની નકલ અરજદારશ્રીએ આમુખ-૯ થી અત્રે રજુ કરેલ છે.

ભરૂચ શહેરી વિસ્તારની લગોલગના વિસ્તારમાં ઉક્ત જમીન આવેલ હોય, રહેણાંકના મકાનો બનાવવાના રહેણાંકના હેતુ માટે રુપાંતરવેરો ૧ ચો.મી.દીઠ રૂા. ૨-૫૦ પૈસા લેખે સદરહુ જમીન ૦-૬૫-૭૬ હે.આ.પ્રઆ. ની કુલ ૬૫૭૬ ચો.મી. જમીનનાં ક્ષેત્રફળ જમીનનાં ક્ષેત્રફળ માટે રુપાંતરવેરો રૂા. ૧૬૪૪૦/- સરકારશ્રીમાં જે તે સદરે જમા કરાવવા અંગે અરજદારશ્રીને જણાવતાં મજકુર અરજદારશ્રીએ સદરહુ રૂપાંતરવેરાની રકમ રૂા. ૧૬૪૪૦/- અંકે રૂપિયા સોળ હજાર ચારસો ચાલીસ પુરા તા. ૧૨-૫-૯૭ ના રોજ સરકારશ્રીમાં જે તે સદરે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, ભરૂચ શાખા, ભરૂચમાં તા. ૧૨-૫-૯૭ ના રોજ ચલણથી જમા કરાવેલ છે. જે જમા કરાવેલ ચલણની નકલ અરજદારશ્રીએ આમુખ-૧૦ થી અત્રે રજુ કરેલ છે.

સવાલવાળી જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશી રસ્તો લાગુમાંથી પસાર થતા મકતમપુર ગામમાં જવાના ગ્રામ્ય રસ્તા ઉપરથી લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ મેળવવામાં આવેલ હોય, રસ્તા ડીપોઝીટના રૂા. ૧૦૦૦/- જે તે સદરે જમા કરાવવા અરજદારશ્રીને જણાવતાં મજકુર રસ્તા ડીપોઝીટનાં રૂા. ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પુરા તા. ૧૨-૫-૯૭ ના રોજ " પી.એલ.એ. ટુ ડી.ડી.ઓ. ભરૂચ " ના સદરે ચલણથી જમા કરાવેલ છે. જે જમા કરાવેલ ચલણની નકલ આમુખ-૧૦ થી અરજદારશ્રીએ અત્રે રજુ કરેલ છે.

xxxxxxશ્રી સવાલવાળી જમીનની માપણી કરાવવા અંગેની માપણી ફીનાં રૂા. ૨૦૦/-,

ડી.આઈ.એલ.આર.શ્રી ભરુચની કચેરીમાં જમા કરાવવા અરજદારશ્રીને જણાવતાં સદરહું જમીનની માપણી કરાવવા અંગેની માપણી ફીનો રુા. ૨૦૦/- એકે રુપિયા બસો પુરા અરજદારશ્રીએ જે તે સદર ચલણથી સરકારશ્રીમાં તા. ૧૨-૫-૯૭ ના રોજ ચલણથી જમા કરાવેલ છે. જે જમા કરાવેલ ચલણની નકલ અરજદારશ્રીએ અત્રે રજુ કરેલ છે.

સવાલવાળી જમીનમાં રહેણાંકના મકાનો બનાવવાના હેતુ માટે બિનખેતી આકાર ૧ ચો.મી.દીઠ રુા. ૦.૦૬ પૈસા લેખે સદરહું જમીન ૦-૬૫-૭૬ હે.આ.પ્રા. ની કુલ ૬૫૭૬ ચો.મી. જમીનના ક્ષેત્રફળ માટે ચાલુ વર્ષ ૧૯૯૬-૯૭ ના વર્ષનો બિનખેતી આકાર રુા.૩૯૪.૬૦ પૈસા તથા તેને આનુસાંગિક તમામ કરવેરા ત.ક.મંત્રી મકતમપુર તા. ભરુચ પાસે ગામ દફતરે જમા કરાવવા અરજદારશ્રીને જણાવતાં ચાલુ વર્ષનો બિનખેતી આકાર રુા. ૩૯૪.૬૦ પૈસા તથા અન્યતમામ આનુસાંગિક કરવેરાઓ તલાટી કમ મંત્રી મકતમપુર તા.ભરુચ પાસે ગામ દફતરે તા. ૧૨-૫-૯૭ ના રોજ જે તે સદરે રસીદથી જમા કરાવેલ છે. જે જમા કરાવેલ રસીદની નકલ અરજદારશ્રીએ આમુખ-૧૦ થી અત્રે રજુ કરેલ છે.

સબબ આ કામે અરજદારશ્રી અનિલભાઈ રણછોડભાઈ પટેલ, ચંપા ટાઉનશીપ કોરપોરેશનના વહીવટકર્તા, રહે. ભરુચ તા. ભરુચને સ્થળે રજુ કરેલ મોજે: મકતમપુર તા. ભરુચમાં સ.નં. ૮૮+૯૩+૯૪ પૈકીની ૦-૬૫-૭૬ હે.આ.પ્રા. ની કુલ ૬૫૭૬ ચો.મી. જમીનમાં રહેણાંકના મકાનો બનાવવા અંગેનો રિવાઈઝડ પ્લાન નીચે જણાવેલ તમામ શરતો પાળવાની શરતે મંજુર કરવામાં આવે છે. તથા મંજુર કરેલ રિવાઈઝડ પ્લાન મુજબના રહેણાંકના મકાનો બાંધકામ કરવાની મુદ્દત આ હુકમની તારીખથી બે વર્ષ માટે વધારી આપવા માટે પણ હુકમ કરવામાં આવે છે.

શ ર તો :-

(૧) આ સાથે મંજુર કરવામાં આવેલ લેન્ડઆઉટ પ્લાનમાં જણાવ્યા અનુસાર એટલે કે નાયબ નગર નિયોજકશ્રી, વડોદરાએ મંજુર કરવા ભલામણ કરેલ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી ભરુચએ તથા સર્કલ ઈન્સ્પેકટરશ્રી, તાલુકા પંચાયત -ભરુચએ તા. ૧૩-૮-૯૬ ના રોજ સ્થળ નિરીક્ષણ કરી ખાત્રી કરેલ નકશામાં જણાવ્યા પ્રમાણે કુલ ૬૫૭૬ ચો.મી. જમીન પૈકી ૧૬૩૨.૯૬ ચો.મી. જમીનમાં બાંધકામ કરવાનું રહેશે. તેમજ લેન્ડઆઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ અને એરીયા ટેબલ અને સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબ એક માળનું ૪૪૧.૦૪ ચો.મી. પ્રમાણે ૭ માળનું ૩૦૮૭.૨૮ ચો.મી. બાંધકામ મળી કુલ ગ્રાઉન્ડ ફલોર સહીતનું કુલ ૪૯૧૭.૧૬ ચો.મી.માં બાંધકામ કરવાનું રહેશે. તથા ૨૨૬૮.૧૮ ચો.મી. જમીનમાં કોમન પ્લોટ રાખવાનો રહેશે. તથા ૭૮૭.૬૩ ચો.મી. જમીનમાં પાર્કીંગ રાખવાનું રહેશે. જે કોમન પ્લોટમાં તેમજ પાર્કીંગની જમીનમાં અત્રેની કચેરીની પુર્વ મંજુરી વગર કોઈપણ બાંધકામ કરી શકાશે નહીં. તેમજ બાકીની ૧૮૮૭.૨૩ ચો.મી. જમીન આંતરિક રોડ રસ્તા તેમજ ખુલ્લી જમીન વિગેરે માટે ખુલ્લી રાખવાની રહેશે.

(૨) જે હેતુ માટે રિવાઇઝડ પ્લાન મંજુર કરવામાં આવે છે. તે જ હેતુ માટે જ (રહેણાંક ના મકાનો બનાવવા માટે) આ જમીનનો ઉપયોગ કરવાનો છે. તે સિવાયના અન્ય હેતુ માટે આ જમીનનો ઉપયોગ કરવાનો હશે તો તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભરૂચની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૩) નાયબ નગર નિયોજકશ્રી, વડોદરાએ તેઓના પત્ર ક્રમાંક: બીપી/મકતમપુર/ભરૂચ/૨૯૪૯/ તા. ૧૪-૫-૯૬ થી લે-આઉટ પ્લાન નકશા મંજુર કર્યા પ્રમાણેના પ્લાન નકશા મુજબનું જ બાંધકામ કરવાનું રહેશે.

(૪) સવાલવાળી જમીનમાં સને ૧૯૯૬-૯૭ ના વર્ષથી બિનખેતી ઉપયોગ શરૂ થનાર હોવાથી રહેણાંકના મકાનો બનાવવાના રહેણાંકના હેતુ માટે બિનખેતી આકાર ૧ ચો.મી. દીઠ રૂ. ૦.૦૬ પૈસા લેખે કુલ ૬૫૭૬ ચો.મી. જમીનના ક્ષેત્રફળ માટે વાર્ષિક બિનખેતી આકાર રૂ. ૩૯૬.૬૦ પૈસા અંકે રૂપિયા ત્રણસો છન્નુ અને પૈસા સાઇઠ પુરાની રકમ તથા તેને આનુષાંગિક તમામ કરવેરા જેવા કે લોકલ ફંડ સેસ, શિક્ષણ ઉપકર, તાલુકા પંચાયત શિક્ષણ ઉપકર, પંચાયત વેરો વિગેરે તમામ કરવેરા પ્રતિવર્ષે ભરપાઇ કરવાના રહેશે. તેમજ સરકારશ્રી તરફથી વખતો વખત રિવાઇઝડ થતા દરે બિનખેતી આકાર ભરપાઇ કરવાનો રહેશે. ચાલુ વર્ષનો વિશેષ આકાર ભરપાઇ કરેલ છે.

(૫) અરજદારશ્રી/કબજેદારશ્રીએ મજકુર બાંધકામ રિવાઇઝડ પ્લાન મંજુર કર્યાની તારીખથી બે વર્ષમાં પુરુ કરવું પડશે. અને બાંધકામ પુરુ થયેથી એક માસની મુદ્દત અંદર પરવાનગી આપનાર અધિકારીશ્રીને લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૬) ઉક્ત જમીનની બધી બાજુએ લઘુ છેડેથી ૩ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે. અને પ્રવેશ દ્વાર આગળ ૬ મીટરનું અંતર છોડવાનું રહેશે.

(૭) બાંધકામ કરતાં પહેલાં કબજેદારશ્રીએ સ્થાનિક સંસ્થા ગ્રામ પંચાયત, મકતમપુર તા. ભરૂચની મંજુરી પ્રથમ મેળવવાની રહેશે.

(૮) રેખા નિયંત્રણ ધારાની જોગવાઇઓને આધિન રહીને બાંધકામ કરવાનું રહેશે.

(૯) બાંધકામમાં સહેલાઇથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

(૧૦) બાંધકામ કરતી વખતે અડચણરૂપ ન થાય તે રીતે ખુલ્લી જમીનમાં વૃક્ષારોપણ કરવાનું રહેશે.

(૧૧) સવાલવાળી જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશ રસ્તો સદરહુ જમીનની બાજુમાંથી મકતમપુર ગામમાં જવાના ગ્રામ્ય રસ્તા ઉપરથી લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ મેળવવાનું આયોજન કરેલ છે. જે મુજબ ઉક્ત જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશ રસ્તાનો ઉપયોગ કરવાનો છે.

(૧૨) બાંધકામ કરતાં પહેલાં બાંધકામને લગતી નિશાનીઓ સ્થળ ઉપર કરી બાંધકામ ખાતાના ફરજ પરના અધિકારીશ્રી પાસે તેની ખાત્રી કરાવી લેવાની રહેશે.

(૧૩) ડબજેદારશ્રીએ સદરહું જમીનની માપણી ફીનાં રૂા. ૨૦૦/- તા. ૧૨-૫-૯૭ નાં રોજ જમા કરાવેલ હોય, જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન દફતર, ભરૂચ પાસે જમીનની માપણી કરાવી લેવાની રહેશે. અને જમીનની માપણી પ્રમાણે ક્ષેત્રફળમાં કે આકારમાં ફેરફાર થશે તો તે ક્ષેત્રફળ અને આકાર ફેરફારને પાત્ર ઠરશે.

(૧૪) સવાલવાળી જમીનની બાજુમાંથી મકતમપુર ગામમાં જવાનો ગ્રામ્ય રસ્તો પસાર થતો હોય, સદરહું ગ્રામ્ય રસ્તાના મધ્યબિંદુથી લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ ૧૮ મીટર (અઢાર મીટર) અંતર છોડી રહેણાંકનાં મકાનોનું બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) સવાલવાળી જમીનનાં મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ સવાલવાળી જમીનની બાજુમાંથી ગ્રામ્ય રસ્તો પસાર થાય છે. જે ગ્રામ્ય રસ્તાના મધ્યબિંદુથી ૧૮ મીટર અંતરની જમીન બાંધકામ નિયંત્રણની જગ્યામાં આવતી હોય, સદરહુ બાંધકામ નિયંત્રણની જગ્યામાં કોઇપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરી શકશે નહીં. તેમજ આ જમીન અન્યને કોઇપણ રીતે કોઇનેપણ વેચાણ કે તબદીલ કરી શકાશે નહીં.

(૧૬) નાયબ નગર નિયોજકશ્રી, વડોદરાએ મંજુર કરવા માટે ભલામણ કરેલ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચએ તથા સર્કલ ઇન્સ્પેકટરશ્રી તાલુકા પંચાયત કચેરી ભરૂચએ તા. ૧૩-૮-૯૬ નાં રોજ સ્થળ નિરીક્ષણ કરી ખાત્રી કરેલ લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબનું બાંધકામ કરવાનું રહેશે. અને તે સિવાયનું વધારાનું બાંધકામ કરવાનું હશે તો તે બાંધકામ કરતાં પહેલાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભરૂચની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૧૭) સવાલવાળી જમીનમાં આવવા-જવા માટેનો પ્રવેશ રસ્તો, એપ્રોચ રસ્તો મેળવવા માટે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ નં. ૧, જિલ્લા પંચાયત, ભરૂચની પરવાનગી ડબજેદારશ્રીએ મેળવવાની રહેશે.

(૧૮) સવાલવાળી જમીનમાં રહેણાંકનાં મકાનોનું બાંધકામ કરતાં પહેલા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, ભરૂચને લેખિતમાં જાણ કરવાની રહેશે. તથા તેમની પાસે ખાત્રી કરાવ્યા બાદજ બાંધકામ કરવાનું રહેશે.

(૧૯) સવાલવાળી જમીનમાં આવવા-જવાના માર્ગ તેમજ ચાલ-નિકાલનાં માર્ગ તેમજ વરસાદનાં પાણીનાં નિકાલની વ્યવસ્થા અરજદારે અથવા બાંધકામ કરનાર વ્યક્તિએ કરવાની રહેશે. તથા રસ્તાની ગટર ઉપર નાળુ બાંધવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૨૦) સવાલવાળી જમીનનો લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ કુલ ૨૨૬૮.૧૮ ચો.મી. જમીનમાં કોમન પ્લોટ રાખવામાં આવેલ છે. તથા કુલ ૭૮૭.૬૩ ચો.મી. જમીનમાં પાર્કીંગ રાખવામાં આવેલ છે. આ સહીયારા કોમન પ્લોટ તથા પાર્કીંગની જમીન સોસાયટીની સહીયારી માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરોની સહીયારી માલિકીની ગણાશે. તે ઉપર મુળ માલિક કે કબજેદારશ્રીનો કોઇ હક્ક રહેશે નહીં.

(૨૧) બાંધકામનાં નિયમોની જોગવાઇ પ્રમાણે સોસાયટીનાં સહીયારા ઉપયોગ માટે કલબ, સોસાયટીની ઓફીસનું મકાન, સહકારી ભંડાર બાંધવા માટે કોમન પ્લોટની ૧/૬ ભાગ જેટલી જમીનનાં ક્ષેત્રફળમાં બાંધકામ કરવાનું તમામ પ્લોટ હોલ્ડરો ઇચ્છે તો પણ અત્રેથી પુર્વ મંજુરી મેળવી તેમ કરી શકાશે.

(૨૨) સોસાયટીનાં સહીયારા ઉપયોગ માટે કલબ, સોસાયટીની ઓફિસનું મકાન, તથા સહકારી ભંડાર આ સિવાયનાં બીજા કોઇપણ હેતુ માટે તે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં અત્રેની પુર્વ મંજુરી વિના બાંધકામ કરી શકાશે નહીં.

(૨૩) આ સાથે મંજુર કરવામાં આવેલ લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ રસ્તા અને કોમન પ્લોટની તથા પાર્કીંગની તથા ખુલ્લી જમીન અને રસ્તાની જમીનનું હરાજીથી, બક્ષિસથી કે કોઇપણ રીતે વેચાણ કે તબદીલ થઇ શકશે નહીં. તેમજ તેમાં કોઇપણ પ્રકારનું બાંધકામ કરી શકાશે નહીં.

(૨૪) સાર્વજનિક કોમન પ્લોટ, રસ્તા, પાર્કીંગ તથા ખુલ્લી જમીન તથા રસ્તા સહિતની જમીનનો બિનખેતી આકાર પ્લોટો વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદાર/અરજદારશ્રીએ જ ભરવાનો રહેશે. અને આ જમીનમાંના તમામ પ્લોટો વેચાણ કર્યા બાદ બિનખેતી આકાર તમામ પ્લોટ હોલ્ડરોએ પ્રમાણસર ભરવાનો રહેશે.

(૨૫) કોમન પ્લોટ તથા પાર્કીંગની, રસ્તાની, તથા ખુલ્લી જમીનનું કબજેદારશ્રી રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતાં કોમન પ્લોટ, પાર્કીંગ, રસ્તાની જમીનનો ઉપયોગ તો સોસાયટીનાં રહીશો એટલે કે સર્વે પ્લોટ હોલ્ડરોએ સહીયારો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ કોમન પ્લોટની તથા પાર્કીંગની જગ્યા કાયમ માટે ખુલ્લી રાખવાની રહેશે.

(૨૬) અરજદારશ્રી/કબજેદારશ્રી સવાલવાળી જમીનમાં પોતાની હદમાં કમ્પાઉન્ડ-વોલ (દિવાલ) બનાવવા માંગે તો તે અંગે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને

મકાન વિભાગ નં.૧, જિલ્લા પંચાયત - ભરૂચ પાસેથી કંમ્પાઉન્ડવોલ (દિવાલ) બાંધવા / xxxxxx બનાવવા માટે અલાયદી પરવાનગી મેળવી લેવાની રહેશે.

(૨૭) અરજદારશ્રી પોતાની જમીનમાં પોતાની હદમાં કંમ્પાઉન્ડવોલ (દિવાલ) બનાવવા માંગે તો તેની ઉંચાઇ જમીન તળથી ૧.૦૫ મીટરથી વધુ ઉંચી જોઇએ નહીં. ભવિષ્યમાં સરકારશ્રીને કે કાર્યપાલક ઇજનેરશ્રી મા અને મ વિભાગ નં.૧, જિલ્લા પંચાયત - ભરૂચને સદરહું માર્ગનાં કોઇપણ કામ માટે કે માર્ગનાં વિકાસ માટે જમીનની જરુર પડે તો, જરુરત મુજબની જમીન સરકારશ્રીને કે કાર્યપાલક ઇજનેરશ્રી, મા અને મ. વિભાગ નં.૧, જિલ્લા પંચાયત-ભરૂચને આપવાની રહેશે અને બનાવવામાં આવેલ કંમ્પાઉન્ડવોલ (દિવાલ) વિના વળતરે જમીન માલિકે / અરજદારશ્રીએ પોતાના ખર્ચે અને જોખમે હટાવી લેવાની રહેશે.

(૨૮) બાંધકામ કરતી વખતે હયાત રસ્તાની ગટરો પુરાઇ ન જાય તેની તકેદારી કબ્જેદારશ્રીએ રાખવાની રહેશે. તેમજ વરસાદનાં પાણીનાં નિકાલની સંપુર્ણ જવાબદારી અરજદારશ્રી/કબ્જેદારશ્રીની પોતાની રહેશે.

(૨૯) જી.આઇ.ડી.સી.ને વિજળી પુરવઠો પુરો પાડતા ફીડરમાંથી વિજળી પુરવઠો મેળવવાને હક્કદાર રહેશે નહીં. તેમજ આ અંગે કોઇ હક્કદાવો કરી શકાશે નહીં.

(૩૦) જી.આઇ.ડી.સી. વસાહતની અન્ય કોઇપણ આનુસાંગિક સુવિધાઓનો ઉપયોગ કરવો નહીં.

(૩૧) મંજુર કરેલ લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબનાં માપો તથા માર્જીનો સ્થળ ઉપર જાળવવાનાં રહેશે. તેમજ કોઇપણ ફેરફાર કરી શકાશે નહીં.

(૩૨) સવાલવાળી જમીનનાં લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ સવાલવાળી જમીનની આજુબાજુ લાગુ હદોથી ૩ મીટરનું અંતર છોડી રહેણાંકનાં મકાનોનું બાંધકામ કરવાનું xxxx હોવાથી લાગુ હદોથી ૩ મીટરના અંતરની જમીન હદ માર્જીનમાં આવતી હોય x તેમાં કોઇપણ પ્રકારનું બાંધકામ કરી શકાશે નહીં. અને હદમાર્જીનની જમીન અન્યને કોઇપણ રીતે વેચાણ કે તબદીલ કરી શકાશે નહીં.

(૩૩) સવાલવાળી જમીનમાં ચોમાસામાં પાણી ભરાઇ રહેવાની શક્યતાને ધ્યાને લઇને રહેણાંકનાં મકાનોનો બાંધકામની પ્લીન્થની ઉંચાઇ જમીનની સપાટીથી ૦.૬૦ મીટર ઉંચી રાખવાની રહેશે.

(૩૪) સવાલવાળી જમીનમાં અંબા ટાઇલ્સ ફેકટરીનાં જુના મકાનો પૈકી ૧૫૪.૩૨ ચો.મી. જમીનમાં ત્રણ ઓરડીઓમાં વોચમેન કેબીન તથા સીમેન્ટ માલસામાન મુકવા માટે હાલમાં ઉપયોગ કરો છો. સદરહું ૧૫૪.૩૨ ચો.મી.જમીનમાંનુ ત્રણ ઓરડીઓનું જુનુ બાંધકામ સદરહું જમીનમાં રહેણાંકનાં મકાનોનું બાંધકામ પુર્ણ થતાં અને વધુમાં વધુ આ હુકમની તારીખથી ૩ માસની મુદતની અંદર જુનુ બાંધકામ તોડી નાંખી, જમીનદોસ્ત કરી જમીન ખુલ્લી કરવાની રહેશે. જે અંગે કબજેદારશ્રીએ રૂા. ૨૦/- ના સ્ટામ્પ પેપર ઉપરનું એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ રૂબરૂનું તા. ૧૦-૪-૯૭ નું બાંહેધરીપત્રક રજુ કરેલ છે. જેમાં જણાવેલ વિગતોનું સંપુર્ણ પાલન કરવાનું રહેશે.

(૩૫) સવાલવાળી જમીનનાં મંજુર કરેલ લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ લે-આઉટ પ્લાનમાં "વાય" સંજ્ઞાથી દર્શાવેલ દરેક બ્લોકમાં લીફટ નં-૨ ની જોગવાઇ કરવામાં આવેલી છે. જેની સાઇઝ ૧.૮૦ મીટર x૧.૮૦ મીટર રાખવાની રહેશે. જે લીફટ ઓટોમેટીક અને વિજળીથી ચલાવવાની રહેશે. જયારે ઇલેકટ્રીક સપ્લાય ના હોય ત્યારે જનરેટર દ્વારા જે તે ફલોર (માળ ઉપર) પર પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે. જે અંગે રૂા. ૨૦/- ના સ્ટામ્પ પેપર ઉપર એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ રૂબરૂ નો તા. ૧૫-૪-૯૭ નું બાંહેધરી પત્રક રજુ કરેલ છે. જેમાં જણાવેલ તમામ વિગતોનું સંપુર્ણ પાલન કરવાનું રહેશે.

(૩૬) સવાલવાળી જમીનમાં રહેણાંકનાં હેતુ માટેનાં ગ્રાઉન્ડ ફલોર સહિત ૭ માળનું મકાનોનું બાંધકામ કરવાનું હોય, લે-આઉટ પ્લાન નકશામાં દર્શાવ્યા મુજબ દરેક બ્લોકમાં સ્ટેરકેસ તથા લીફટ શાફટની વચ્ચેનાં ભાગમાં દરેક ફલોર પર એટલે કે ૧ to ૭ માળ ઉપર અગ્નિશામક સીલીન્ડરો કે જેને ફાયર એકસ્ટીગ્યુશર તરીકે ઓળખવામાં આવે છે. એવો ૫ લીટરની સોડા એસીડથી ભરેલા ક્ષમતાવાળા, અને આગને ઝડપથી કાબુમાં લાવી શકે તેવા અગ્નિશામક સીલીન્ડરો દરેક ફલોર ઉપર બે બે નંગ રાખવાનાં રહેશે. જે અંગે રૂા. ૨૦/- ના સ્ટામ્પ પેપર ઉપર એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભરૂચ રૂબરૂનો તા. ૧૫-૪-૯૭ થી બાંહેધરીપત્ર રજુ કરેલ છે. તેમાં જણાવેલ વિગતનું સંપુર્ણ પાલન કરવાનું રહેશે.

(૩૭) પરવાનગી વિરુધ્ધ બંધાતા તથા વપરાતા કોઇપણ ઇમલાને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભરૂચ ઠરાવે તે મુજબ ફેરફાર કરવા અગર તુરત તે મુજબ ખસેડવા કબજેદારશ્રી બંધાયેલા રહેશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આવા કોઇપણ ઇમલાને કે બાંધકામને ખસેડવામાં કે દુર કરવામાં જે કાંઇ ખર્ચ થશે

તે ખર્ચની રકમ કબજેદારશ્રી પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવામાં આવશે.

(૩૮) કબજેદારશ્રી ઉપરોક્ત તમામ શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ કરશે તો જમીન મહેસુલ કાયદો અને કાનુન અનુસાર તેઓ જે કાંઇ દંડને પાત્ર હશે તેને બાધ આવ્યા સિવાય જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેઓને ફરમાવવું યોગ્ય લાગે તે મુજબ ફરમાવી શકશે. અને તેનું સંપુર્ણ પાલન કરવા કબજેદારશ્રી સંપુર્ણ રીતે બંધાયેલા રહેશે. તેમજ કોઇપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલી પરવાનગી રદ કરવામાં આવશે. તેમજ કબજેદારશ્રીને સદરહું જમીન ઉપરથી કોઇપણ જાતનું વળતર આપ્યા સિવાય સંક્ષિપ્ત રીતે દુર કરવામાં આવશે.

(૩૯) આમુખ-૧ માં જણાવેલ ખેતી સિવાયની પરવાનગી આપેલ હુકમ ના.પં./બીનખેતી/જમીન.જે. /૧૯૫૬/ તા. ૨૮-૧૧-૬૬ ના હુકમની અન્ય શરતો યથાવત રહે છે. જેથી તે તમામ શરતોનું સંપુર્ણ પાલન કરવા કબજેદારશ્રી બંધાયેલા રહેશે.

(૪૦) અન્ય કોઇ કાયદા કે નિયમો હેઠળ પરવાનગી મેળવવાની થતી હોય તો તે મેળવવાની રહેશે.

(૪૧) આ બાંધકામ હાઇરાઇઝ બિલ્ડીંગનું હોવાથી હાઇરાઇઝ બિલ્ડીંગ ઉપર લાઇટ કન્ડકટર બેસાડવાનું રહેશે.

(૪૨) આ બાંધકામ હાઇરાઇઝ બીલ્ડીંગનું હોવાથી જાહેર સલામતી માટે દિન-૬૦ મ માં પગલાં લેવાનાં રહેશે.

આ હુકમની નોંધ ગામનાં તથા તાલુકાનાં સબંધિત રેકર્ડમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરુચે કરવાની રહેશે.

સહી/- બી.જે. દેદર,
જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત, ભરુચ.

રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી.

પ્રતિ,

શ્રી અનિલભાઇ રણછોડભાઇ પટેલ,
ચંપાટેક્ષ કોરપોરેશનનાં વહીવટકર્તાશ્રી,
મું.પો. મકતમપુર,
તા.જી. ભરુચ.
( મંજુર કરેલ નકશાની નકલ સહિત )

નકલ જાણ/રવાના સહ રવાના:-

(૧) કલેકટરશ્રી, ભરુચ તરફ.

(૨) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર ભરુચ તરફ.

(૩) નાયબ નગર નિયોજકશ્રી, વડોદરા તરફ.

(૪) મામલતદારશ્રી, ભરુચ તરફ.

(૫) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ [illegible]

(૬) એક્ઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, સીટી ડીવીઝન, ગુજરાત વિદ્યુત બોર્ડ ભરૂચ તરફ.

(૭) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ભરૂચ તરફ.

(૮) નાયબ કલેકટરશ્રી, ભરૂચ તરફ.

(૯) કાર્યપાલક ઇજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ નં. ૨/૨ ભરૂચ તરફ.

(૧૦) કાર્યપાલક ઇજનેરશ્રી, નર્મદા યોજના વિસ્તાર વિકાસ, વિભાગ નં. ૨, ભરૂચ તરફ.

(૧૧) સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયરશ્રી (સિવિલ) ઓ.એન.જી.સી. અંકલેશ્વર તરફ.

(૧૨) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભરૂચ તરફ.

(૧૩) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ભરૂચ તરફ.

(૧૪) સિનિયર મેનેજરશ્રી (લીગલ) જી.એન.એફ.સી. લીમીટેડ, ભરૂચ તરફ.

(૧૫) વિભાગીય પ્રબંધકશ્રી (૨), જી.આઇ.ડી.સી. અંકલેશ્વર તરફ.

નકલ જયભારત સહ રવાના: કામનાં કાગળો સહિત, તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચ તરફ જાણ સારુ તથા આ કામે આગળની જરુરી કાર્યવાહી થવા સારુ.

રવાના કર્યું,

જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત, ભરૂચ.